# ઈસુએ નમ્રતાપૂર્વક સેવા કરવા દ્વારા આગેવાનોને તૈયાર કર્યા.

**પ્રાર્થના** : વહાલા પ્રભુ, જેમ ઈસુએ પોતાના શિષ્યોના પગ ધોઈને ઉત્તમ ઉદાહરણ આપ્યું તેમ આ બાળકો પણ નમ્ર સેવક બનતા શિખે તેવું થવા દો.

બાળકોની ઉંમર અને જરૂરિયાત પ્રમાણેની પ્રવૃત્તિઓ પસંદ કરો.

**યો. ૧૩:૧-૧૭** એક મોટો બાળક કે શિક્ષક વાંચી જાય અથવા મોઢે તે વાર્તા કહી જાય. બીજાઓની નમ્ર સેવા કરવા માટે ઈસુએ તેના શિષ્યોને કેવી રીતે તાલિમ આપી તે વિષે છે.

**સમજાવો.**

- ઈસુએ પોતાના નમૂના દ્વારા શિષ્યોને સમજાવ્યું.
- બીજાઓની સેવા કેવી રીતે કરવી તે માટે ઈસુએ નમ્ર બનીને શિષ્યોની સેવા કરવા દ્વારા તે સમજાવ્યું.

પ્રશ્નો *(જવાબો સાથે છે)*

- ઈસુએ કયાં સુધી પોતાના શિષ્યો પર પ્રેમ રાખ્યો ? *(યો. ૧૩:૧)*
- ઈસુએ પોતાના શિષ્યોની સેવા કેવી રીતે કરી ? *(૫)*
- યહુદા તેને ટૂંક સમયમાં પરસ્વાધિન કરવાનો હતો તે પ્રભુ ઈસુ જાણતા હતા ? *(૧૧)*
- નમ્ર બનીને બીજાની સેવા કરવાનું શિક્ષણ ઈસુએ કઈ રીતે આપ્યું? *(૧૫)*
- જો આપણે બીજાની નમ્ર બનીને સેવા કરીશું તો દેવ આપણે માટે શું કરશે ? *(૧૭)*



ઈસુ શિષ્યોના પગ ધૂએ છે તે વાર્તાનું નાટક બનાવો. (યો.૧૩:૧-૧૭: બાળકો આ નાટક રજુ કરી શકે માટે ભજનસેવાના આગેવાનની મંજુરી લો. તમારે શિક્ષણના નાટકના બધા ભાગોના ઉપયોગ કરવાનો નથી. મોટા છોકરા નાનાઓની સહાય કરે.

- **મોટા છોકરા કે સભાજનના** આ પાત્રો ભજવે. **ઈસુ, પિત્તર અને ઉદ્‌ઘોષક.** ઈસુના હાથમાં રૂમાલ અને પાણીનું પાત્ર છે.
- **નાના બાળકો, યહુદા** અને **અન્ય શિષ્યો**ના પાત્રો ભજવે. નાટક આ પ્રમાણે છે.

**ઉદ્‌ઘોષક** : પ્રભુ ઈસુ શિષ્યોના પગ ધૂએ છે તે વાર્તાનો પ્રથમ ભાગ યો. ૧૩:૧-૭ ઉપરથી કહે. પછી બોલે, સાંભળો, ઈસુ શું કહે છે. ઈસુ ઊભા થાય અને પોતાની કમરે રૂમાલ વિંટાળે. પછી પીતર પાસે જઈને ઘુંટણભેર બેસી જાય અને પાત્રમાંના પાણીથી તેના પગ ધૂએ. તે કહે, 'મેં તમારા બધા પર ખૂબ પ્રેમ કર્યો છે. હું હવે જલ્દી આ જગત છોડીને મારા સ્વર્ગીય પિતા પાસે પાછો ફરવાનો છું.'

**શિષ્યો** : જોરથી કહે, 'ના' તમે અમને છોડીને જશો નહિ.' 'તમે ના જશો. '

**ઈસુ** : મારે તમને અત્યારે કંઈ શિખવવાનું છે.(પીતરના પગ ધોવાનું શરૂ કરે છે)

**શિષ્યો** : જોરથી કહે, 'ઈસુએ એક ગુલામની માફક શા માટે અમારા પગ ધોવા જોઈએ?' 'તે અમારા ગુરૂ છે' 'તે અમારા દાસ નથી.' 'તેમણે આવું કામ ન કરવું જોઈએ.'

**ઉદ્‌ઘોષક** : પીતર શું કહે છે તે સાંભળો.

**પિતર** : પ્રભુ ઈસુ, થોભો, તમે મારા પગ શા માટે ધૂઓ છો ? તમે મારા ગુરૂ છો.

**ઈસુ** : જેઓ પર હું પ્રેમ કરૂં છું તેમની હું હંમેશા સેવા કરૂં છું. તને શુદ્ધ કરવો મારા માટે જરૂરી છે.

**ઉદ્‌ઘોષક** : યો.૧૩:૮-૧૭ માંથી વાર્તાનો બીજો ભાગ કહે. પછી બોલે, પીતર શું કહે છે તે સાંભળો.

**પિતર** : તો પછી મારા હાથ અને માથુ પણ ધો.

**ઈસુ** : ના, મારે જે જરૂરી હતું તે મેં કર્યું છે. તો પણ, તમે બધા શુધ્ધ નથી. તમારામાંના એકનું હૃદય શુધ્ધ નથી. શિષ્યો આ પ્રમાણે બોલે, 'તે કોણ હશે ?' 'કોનું હૃદય અશુધ્ધ છે ?'

**ઉદ્‌ઘોષક** : યહુદા તેના હૃદયમાં શું વિચારે છે તે સાંભળો.

**યહુદા** : સાંભળનારાઓ તરફ જાય અને કહે, 'ઈસુએ રોમન સત્તાના અંકુશમાંથી મારી ધારણા પ્રમાણે અમને છોડાવ્યા નથી. હું તેના દુશ્મનોને હવાલે તેને વેચીશ. યહુદા જાય છે.'

**ઈસુ** : હું તમારો પ્રભુ અને ગુરૂ છું તોપણ મેં દાસની જેમ તમારા પગ ધોયા છે. તમારે પણ એકબીજા પ્રત્યે તેવું જ કરવું જોઈએ. તમે નમ્રતાથી એકબીજાની સેવા કરો. પછી હું તમને આશીર્વાદ આપીશે.

**પિતર** : તમે તમારા નમૂના વડે અમને સરસ શિક્ષણ આપ્યું છે. અમે કદી ભૂલીશું નહિ.વર્ણન કરનાર નાટકમાં ભાગ લેનાર સર્વનો આભાર માને છે.

**પ્રશ્નો** જો બાળકો આ નાટક સભાજનો સમક્ષ ભજવે તો ઉપર ભાગ-૧ના પ્રશ્નો પૂછો.

૧ પિતર ૫ : ૫ **મુખપાઠ કરો**. ''જુવાનો, તમારા વડીલોને આધિન થાઓ.''

**પૂછો :** આપણે કઈ કઈ રીતે બીજાઓની નમ્રતાથી સેવા કરી શકીએ ? (બાળકોને દ્દષ્ટાંતો આપવા દો)



**સમજાવો** ઈસુએ પાપણી સ્ત્રીને પોતાના પગ તેના આંસુઓ વડે ધોવા દેવાની અને તેના વાળ વડે લૂછવા દેવાની રજા આપી. જે ધાર્મિક આગેવાનના ઘરમાં આ બન્યું તેણે ઈસુને આ માટે ઠપકો આપ્યો. ઈસુએ તેને જવાબ આપ્યો કે જેનું ઘણું માફ થયું છે તે ઘણો પ્રેમ રાખે છે. આમ કહીને તેણે તે સ્ત્રીના પાપ માફ કર્યા (લુ.૭:૩૭-૪૮)



બે પગનું **ચિત્ર દોરો.** બાળકો તેની કોપી કરે અને આ ચિત્રો હવેની ભજનસેવામાં રજુ કરે. આ સાથે સમજાવે કે જેમ પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોના પગ નમ્રતાથી ધોયા તેમ એકબીજાની સેવા આપણે નમ્રતાથી કરવી જોઈએ.

ત્રણ બાળકો ફિલીપી ૨ : ૩ - ૮ એક એક બોલી જાય.

**પ્રાર્થના :** પ્રભુ ઈસુ, તમે અમારા પ્રભુ અને શિક્ષક છો તમે બીજાઓની સેવા નમ્રતાથી કરી માટે અમે તમારો આભાર માનીએ છીં. તમારા નમૂનાને અનુસરવા અમારી સહાય કરો. બીજાઓની સેવા કરવામાં અમારી સહાય કરો.

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timothy.net.